R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 13 • PAGES : 20 • MUMBAI • DATE : 5TH MAY 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# જ્ઞાતિના મહાજનો અને સંસ્થાઓનું સામાજીક મુલ્યાંકન કે રેટીંગ કેટલું?



**કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)**

કદઓ જ્ઞાતિની ભારતભરમાં ફેલાયેલી સ્થાવર જંગમ મિલકતોનું મુલ્યાંકન કેટલું?

મુંબઈમાં મસ્જિદબંદરના મકાનો, દેરાસર તથા કાંજુરમાર્ગની મોટી જમીન, ભાંડુપના મકાન તથા દેરાસર, મુંબઈ પોર્ટટ્રસ્ટમાં જગ્યા, ઘાટકોપરમાં વિદ્યાર્થીગૃહો, ગદગમાં શાળા, જ્ઞાતિની મહાજનવાડીઓ, આ બધાનો વહીવટ મોટેભાગે જે તે શહેર/ગામના મહાજનો ચલાવે છે. આ ઉપરાંત કચ્છમાં આવેલા આપણા અદ્ભુત દેરાસરો અને એમાં સ્થાપિત પ્રાચીન દૈવી અલભ્ય તીર્થંકર પ્રભુઓની પ્રતિમાજીઓ, વિદ્યાર્થીગૃહો, બેંક અન્ય સામાજીક સંસ્થાઓનું મુલ્યાંકન શુ?

શું આ મુલ્યાંકન કરવું જરૂરી છે? સામાજીક મુલ્યાંકન એટલે ગુણવત્તા/રેટીંગ અને તેનું આર્થિક અને સામાજીક મુલ્યાંકન દર બે વર્ષ કરાવવું જરૂરી છે. જ્ઞાતિજનોને તેમના બહુમુલ્ય વારસા બાબત બધી જ જાણકારી હોવી જરૂરી છે.

આજે દેશમાં દરેક સામાજિક સંસ્થાનું મુલ્યાંકન થાય છે. અને કદાચ નજીકના ભવિષ્યમાં શેરબજાર ઉપર તેમનું લિસ્ટીંગ પણ કરવામાં આવશે. **CRISIL/ISO** જેવી કંપનીઓ દરેકે દરેક ઓફિસ, સંસ્થાઓના વહીવટનું રેટીંગ કરે છે અને રેટીંગ ઉપરથી સામાન્ય જનતાને એ કંપની કે સંસ્થાની ગુણવત્તા અને તેનું કામકાજનું વાતાવરણ કંપનીના હિતમાં કે જાહેર હિતમાં છે એ ખબર પડે છે. જ્ઞાતિની સંસ્થાઓ અને મહાજનનું મુલ્યાંકન થવાથી ખબર પડશે કે આપણી ગર્વીલી, મુઠી ઉંચેરી કદઓ જ્ઞાતિને હજી કેટલા આસમાન આંબવાના છે? અને આપણે એની હમણાંથી જ તૈયારી રાખીએ.

પ્ર.સ.માં ફરીફરીને કહેવામાં આવ્યું છે કે જ્ઞાતિની વસ્તી વધારવાની જરૂર છે અને આમાં મહાજનો અને સંસ્થાઓનો ટેકો જરૂરી છે. જો દરેક રીતનું મુલ્યાંકન કરવામાં આવે તો આપણને ખબર પડશે કે આગામી ૨૦ વર્ષમાં જ્ઞાતિની જરૂરિયાતો પહોંચી વળવા આપણે તૈયાર છીએ?

મુલ્યાંકનમાં આપણી સંસ્થાઓના હોદ્દેદારોની પણ ક્ષમતા દેખાશે. આને ફેર પ્લે રેટીંગ એટલે કે ખેલદિલી પણ કહી શકાય હવે કોઈપણ રમતગમતમાં 'ખેલદિલી' નું મુલ્યાંકન કરીને ગુણાંક આપવામાં આવે છે અને લગભગ દરેક મોટી સંસ્થાઓ કે કંપનીઓ મળતિયાવાદથી ઉપર ઉઠીને કામ કરે છે.

જો તમારે ખમીરવંતી કદઓ જ્ઞાતિને ખમીરવંતી રાખવી હશે તો અત્યારની ગુણવત્તાથી ઉપરની ગુણવત્તા દેખાવડવી પડશે. સાથે સાથે પારદર્શિતા પણ ખરી.

## પ્રતિભાવ

ગતાંકમાં આપના તંત્રી લેખ મારફત આપે આપણા મહાજનો તથા સંસ્થાઓને જે રાહ બતાવી છે ખરેખર સમયની માંગ છે અને તેના અમલીકરણ માટે જ્ઞાતિ જનો એ ખરા ભાવથી મહેનત કરી મહાજનો સંસ્થાઓ મા આ પધ્ધતિ સ્વીકાર થાય તેવુ તેમના પર દબાણ લાવી ઉજલા ભવિષ્ય માટે નીવ નાખવી જોઈએ.

સાચા માગેદર્શનીય લેખ માટે ખૂબ ખૂબ આભાર.

**- નવીનચંદ્ર રતનશી લોડાયા (શાહ)**
મોટીખાવડી-મુલુડ

## જ્ઞાતિજનોને નમ્ર નિવેદન

જ્ઞાતિજનો, મહાજનો અને એકમો, તમારી બાજુમાં/વિસ્તારમાં, ખાસ કરીને કચ્છમાં જે જ્ઞાતિજનોના ઘર બંધ હોય/ન રહેતા હોય છતાં તેમના સરનામે પ્રકાશ સમીક્ષા આવતું હોય તેમનું નામ તથા સરનામું નીચે આપેલા **E- mail : kdoprakashgmail.com** અથવા હેમાંગભાઈ, મો.: **99206 46846** ઉપર મોકલવા નમ્ર વિનંતી.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**

**વૉલ્યુમ : ૦૩, અંક : ૧૩, તા. ૦૫-૦૫-૨૦૨૩**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**જુની સાચી જરી બજાર કરતાં વધારે ભાવથી વેચવા માટે K.D.O. સમાજને મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે)નું ભાવભર્યું આમંત્રણ**

- જુની સાચી જરીની સાડી, ચણીયા-ચોળી, બ્લાઉઝ
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર તથા સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- છુટી સાચી જરીની ટીકી, સુરમો, કસબ તથા ઘુઘરી
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત લો.
- રોકડા પૈસા, તરત જ ફાઈનલ, ડાયરેક્ટ કારીગરને વેંચી રેણકસર કાપ્યા વગર વધારે ફાયદો મેળવો.
- ઘરબેઠા તમારી જુની સાચી જરીના માલની રોકડી કરો
- **Free Home Visit any where any time**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, દુકાન નં.૨, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91371 46272 / 96195 54801 (SUNDAY CLOSED)**

❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**Exclusive Embroidery & Upto date Finishing**
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 83692 52836** **Sunday Closed**
**Originally at Zaveri Bazar since 1976** Follow us on



# ચલતે... ચલતે...




સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭


ભાગ - ૩૨

## ''મેં ભજવેલા નાટકો (૨)''



**નાટકમાં ડબલ રોલમાં લેખક અને અન્ય કલાકાર, નાટકમાં મેં ભજવેલ પાત્ર કહ્યું હતું ? આ નાટકનું નામ શું હતું.**

''હવે તો હદ થાય છે'' નાટક શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબીવલીનાં વાર્ષિકોત્સવમાં લગભગ ઈ.સ. ૧૯૭૬માં ભજવાયેલ. યાદદાસ્ત પ્રમાણે આ નાટકનાં લેખિકા હતા શ્રીમતી રંભાબેન ગાંધી. નાટકનાં અન્ય કલાકાર હતા (૧) સનત કુંવરજી ખોના (જખૌ), રતિલાલ શામજી મોમાયા (વરાડીયા), શ્રીમતી શીલા રતિલાલ મોમાયા (વરાડીયા), શ્રીમતી શંકુતલા ગુલાબચંદ મૈશેરી (જખૌ).

આ નાટકમાં મારા પત્ની (આ પાત્ર સ્ટેજ પર આવતું નથી) બહારગામ જવાના હોવાથી અડોશી-પડોશી, સગાવ્હાલાને એક દિવસ માટે ટીફીન પહોંચાડવાની ભલામણ કરે છે અને દરેક વ્યક્તિ મારા માટે ''શીરો'' બનાવી આપી જાય છે.

નાટકમાં શ્રીમતી શંકુતલાબેન મારા દુરનાં માસી હોય છે અને મારા ''શીરો'' ખાવાનાં શોખનાં કારણે હવે તો હદ થાય છે કહી કચકચાવીને લાફો મારવાનો હોય છે પણ છેલ્લા રિર્હસલ સુધી ટપલી જ મારતા રહ્યા... તેથી કંટાળીને તેમનો હાથ પકડી કચકચાવી ને મારા ગાલ પર જોરથી થપ્પડ લગાવી... બિચારા શીયાવીયા થઈ ગયા... મેં કહ્યું આ નાટક છે, સ્ક્રીપ્ટ માર્ગે તો કરવું પડે... ત્યારબાદ ચલતે ચલતે શંકુતલાબેન જ્યારે પણ મળ્યા છે મેં મારો બીજો ગાલ તેમની સમક્ષ ધરી દીધો છે.

ત્યારબાદ લગભગ ૨૦ થી ૨૫ વર્ષ સુધી નાટક ભજવવાની તક ન મળી પણ ૧૯૯૯નાં ડિસેમ્બરની પાંચ તારીખે શ્રી ક.દ.ઓ મંડળનાં રંજન સંધ્યા કાર્યક્રમમાં ભવાઈ પ્રકારનું સમાજના રીત-રીવાજો પર કટાક્ષ કરતું નાટક કર્યું. જેમા અમે બે કલાકારોએ ડબલ રોલમાં કામ કર્યું.

આ નાટક ભજવવાની પહેલા ''મંડળ''ના રંજન સંધ્યાના કાર્યક્રમોમાં, મોનો એક્ટીંગ, એકપાત્રીય નાટક ઈત્યાદી પણ કર્યા. તે વખતે એ કાર્યક્રમમાં નોંધવા લાયક બે કલાકારો આજે માનસપટ પર અંકિત છે. એક સ્વ. હીરાવંતી મણિલાલ લોડાયા (આરીખાણા) જેઓ એકપાત્રીય કિરદાર ભજવતા અને બીજી સ્વ. શ્રી વિરેશ કલ્યાણજી ધરમશી (સુથરી) જેઓ મોનો એક્ટીંગ કરતા. શ્રી વિરેશને ઈન્ટર કોલેજીયેટ ઈન્ટર સ્ટેટ ડ્રામાં હરિફાઈમાં પારિતોષિક પ્રાપ્ત થયા હતા.

આમ તો મંડળની રંજન સંધ્યાના કાર્યક્રમોએ ડોંબીવલીના ઘણા કલાકારોને સ્ટેજ પુરું પાડેલ પણ એ બધા આજે સ્મૃતિવનમાં ખોવાઈ ગયા છે. પણ આ કોલમમાં કેટલાકને સ્થાન આપી શક્યો છું તેનો આનંદ છે.

હવે આ પાના પર છાપેલ નાટકની (ફોટા) વાત આવતા અંકમાં (પણ-બન્ને ફોટા) નીચે પુછાયેલ પ્રશ્નનાં સાચા જવાબ લેખકના ''વોટ્સએપ'' ઉપર ૩૧મી મે સુધી મોકલનારને ચલતે ચલતે તરફથી ઈનામ... વાટ શું જુઓ છો... ઉઠાવો મોબાઈલ.... (વધુ આવતાં અંકે...)



**આ ફોટામાં મુખ્ય કલાકાર સાથે નવોદિત બાળ કલાકાર કોણ છે ?**

# U M KHONA AND COMPANY

CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

## COMMITMENT TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

**U M KHONA AND COMPANY**
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

**www.umkhona.com**

**CB: 11/189**

# વિ..વાહ ની .... વાહ! અને આહ! ...

વિવાહની સંસ્થા અને વ્યવસ્થા એ માનવ જાતે કરેલ એક અત્યુત્તમ આવિષ્કાર છે. એના ધારાધોરણ સમય અનુસાર બદલાતા રહ્યા છે. હવે તો એમાં ક્રાંતિકારી બદલાવો આવી ગયા છે અને આવી રહ્યા છે.




સમય અનુસાર બદલાતા જઈએ તો વિવાહ ને વાહ, વાહ બનાવી શકીએ. જો રૂઢિચુસ્ત બની અટકી જઈએ તો સગપણ ને વિવાહને આહ! આહ! બનાવી દેવાય છે. સંતાનોની સગા..ઈ માટે ‘સગા’ શોધતા દિવસના તારા ગણવા પડે છે. આ માટે નીચે મુજબની મુખ્ય માનસિક અને સામાજીક તૈયારીઓ પહેલેથી જ કરવી પડે છે અને પડશે.

૧. પોતાના સંતાનો ખૂબજ ગુણવાન છે એટલે સામેથી જ માંગા આવશે એવા ભ્રમમાં રહેશો નહીં.

૨. ૨૪ કેરેટના જ વર/વધુ જોઈએ, અને એમની શોધમાં રહેશો તો ઉંમર વિતી જશે અને પછી કાં તો ૧૬ કેરેટ અથવા ઓછાના વર/વધુમાં સંતોષ માણવો પડશે યા નવરા બેઠા રહેવાનો વારો આવશે.

૩. સંતાનો ઉંમર લાયક થાય અને ભણતર પતે એટલે તમારી ૨૦/૨૦ની રમત શરૂ કરી જ દેવી. ટેસ્ટ મેચ રમવાનું ટાળજો.

૪. સંતાનોની પસંદ હોય, નાતની યા પરનાતની, તો એને તરત જ નકારતા નહીં. તમારૂં કામ અને જવાબદારી ઓછી થઈ જશે. પછી સંતાનોને તમારા પર દોષનો ટોપલો નાખવાનો મોકો નહીં મળે.

૫. માવિત્રોએ અને સંતાનોએ પણ ઈતર નાતના દિકરા/ દિકરીઓને પોતાના લિસ્ટમાં પહેલેથી જ આમેજ કરવા જોઇએ. કામ સહેલું થઈ જશે.

૬. છોકરાઓને વધુ ભણાવો.

૭. કામ કરતી અને કમાતી કન્યાઓને વહુ બનાવવાની તૈયારી પહેલેથીજ રાખો. ફકત ઘરકામ જ કરે એવી ધારણાને તિલાંજલિ આપવાની જરૂર પડશે.

૮. વહુ આવશે એટલે આરામ કરીશ એ અરમાનોને હંમેશ માટે ત્યાગવા પડશે. જીવનનું બીજું નામ છે બાંધછોડ કે એડજસ્ટમેંટ. આમાં બધાજ પાત્રોએ પોતપોતાનો ભાગ ભજવવો પડશે, ખાસ કરી ને સ્ત્રીઓએ.

૯. દેખાવડી/ દેખાવડો, શ્રીમંત ઘરની/ઘરનો વહુ/વર શોધવામાં ખૂબ સમય ન બગાડતા. સમકક્ષ આર્થિક સ્થિતિવાળા કુટુંબોમાં સંબંધ લાંબા ગાળા સુધી ટકે છે એવું અનુભવ દર્શાવે છે.

૧૦. છોકરો થોડો ઓછો ભણેલો હોય, ઉંચાઈ થોડી ઓછી વધુ હોય, ઉંમર થોડી ઓછી વધુ હોય એ માટે થોડી બાંધછોડ કરવા તૈયાર રહેજો.

૧૧. છોકરાઓ, છોકરીઓને જ્ઞાતિના સામાજિક , કૌટુંબિક, ધાર્મિક કાર્યક્રમો અને સમારંભોમાં નાનપણથી જ ભાગ લેતા કરો.

૧૨. એમને જ્ઞાતિના અને અન્ય યુવાનો, યુવતીઓની સંસ્થાઓમાં, યુવા મિલન, નવરાત્રી ગરબા, દાંડિયા વગેરેમાં ભાગ લેવા પ્રોત્સાહન આપો. આ સંપર્કો સાથી પસંદ કરવા સરળ માર્ગ બની શકે.

૧૩. પ્રણય પાંગરે ત્યારે જ માવિત્રોની સંમતિ લઈ લો તો ભવિષ્યમાં આવનારી સમસ્યાઓને વેળાસર ઉકેલી શકાય.

૧૪. લગ્ન પછી વહુને ભણાવવાની અને કમાવવાની પણ તૈયારી રાખજો.

૧૫. લગ્ન પછી છોકરો સાથે જ રહે તો સારું. પણ મનમાં તૈયારી તો જો અલગ થાય તો શાંતિપૂર્ણ જીવન વિતાવવાની હોવી જોઇએ. પોતાના માટે નાણાંકીય વ્યવસ્થા પહેલેથીજ કરી રાખજો.

૧૬. શ્રીમંતોનું સમુહ આ વિષય માટે કદાચ અલગ બની જાય છે.

૧૭. લગ્ન એ જીવનનું અંતિમ ધ્યેય છે એ માન્યતા ફેર વિચારણા માગી લે છે.

૧૮. લગ્ન પછી શું થશે એ ડર મનમાં ક્યાંક સતાવતો રહે છે કારણ કે લગ્નની સરેરાશ ઉંમર ૨૫ થી વધારે થઈ ગઈ છે. જેટલી વધારે ઉંમર એટલી બાંધછોડ કરવાની વૃત્તિઓ ઓછી થઈ જાય છે અને સહનશક્તિનો અભાવ વર્તાય છે.

૧૯. નાના અને દૂરના શહેરોની જીવન શૈલીનો અભ્યાસ કરવો જરૂરી છે. પહેલેથી જ ધારણા ન કરી લો તો સારું.

૨૦. બન્ને પક્ષના સગા વ્હાલાઓ અથવા સમાજીક સંસ્થાઓના અગ્રણી કાર્યકર્તાઓ જો સમાધાન કરાવે તો ઘણા સંબંધો બગડતા બચી જાય.

**અનુસંધાન પાના નં. ૧૮ ઉપર..**


**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૦૫-૦૫-૨૦૨૩


**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**



**આડી ચાવીઓ :**

૧) નેમિનાથનું એક માત્ર ગિરનારનું જીનાલય ....નું બનેલું છે (૪)

૩) નેમિનાથના પાંચે કલ્યાણકો ....માં થયા છે (૪)

૭) આ સોળ છે (૨)

૮) આ તીર્થનું જુનું નામ નલીનપુર હતું (૩)

૧૦) અષ્ટમંગલની .... ઘરના દ્વાર ઉપર લગાડાય (૨)

૧૨) શ્રીપાલ રાજાનો .... સિદ્ધચક્રની આરાધનાથી મટ્યો (૨)

૧૩) ઈડર પાસે આવેલ અમીઝરા પાર્શ્વનાથનું તીર્થ (૩)

૧૫) ... કરવી એ પણ એક પાપનું મૂળ છે (૨)

૧૬) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)

૧૭) ગુજરાતમાં આવેલ શાંતિનાથના જીનાલયવાળું ગામ (૩)

૨૦) એક નૈવેધની મીઠાઈ (૨)

૨૧) શત્રુંજય ઉપર દેવકીના કેટલા પુત્રોની દેરી આવેલ છે (૧)

૨૩) અહીં રથ આકારનું જીનાલય છે (૨)

૨૪) બામણવાડા પાસે આવેલ મહાવીર સ્વામીનું તીર્થ (૨)

૨૫) એક અનંતકાય (૩)

૨૬) કુમારપાળ અઢાર .....ના રાજા હતા (૨)

૨૭) .... એક તારો આધાર ભવમાં ભૂલા પડ્યા રે (૨)

૨૮) ધનવતી ટુંકનું બીજુ નામ ...... નું દેરાસર (૨)

૨૯) કષાય કેટલા? (૨)

૩૦) વિશ વિહરમાનામાંના ત્રીજા તીર્થંકર (૨)

૩૧) .... માં સોનાની મહોર નાખી પેથડશા એ પ્રભાવના કરી હતી (૨)

૩૩) ભવોભવ તુમ ચરણોની .... (૨)

૩૪) પર્યુષણ એ ...... નું પર્વ છે (૪)

૩૫) ત્યાગ માટે કોને યાદ કરાય (૪)

**ઊભી ચાવીઓ :**

૨) અઈમુત્તા મુની .... બોલતા બોલતા કેવળજ્ઞાન પામ્યા (૫)

૩) ગુજરાતનું એક તીર્થ (૩)

૪) આયંબિલની ઓળી બે ..... માં આવે (૨)

૫) આ સોળ છે (૨)

૬) એક તપ (૩)

૮) પ્રતિવાસુદેવ કેટલા (૨)

૧૧) .... રે મારા પ્રભુજીને શોભતી (૩)

૧૨) પાટણમાં આવેલ ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૨)

૧૪) શત્રુંજય ઉપર આવેલ દશાની એક પરબનું નામ (૨)

૧૫) સુધર્મા સ્વામીનું લાંછન (૨)

૧૬) બારમા તીર્થંકરના પિતાનું નામ (૪)

૧૮) સૂરસુંદરીની બહેન (૩)

૧૯) એક અભક્ષ્ય (૩)

૨૨) ગુરૂ ભગવંતો રાતના સંથારા વખતે કાનમાં નાખે (૧)

૨૪) ઈલાચીકુમાર એક નમણી .... ના મોહમાં પડ્યા હતા (૨)

૨૭) ઋષભાનનના માતા (૪)

૨૮) બાર મહિના સુધીના કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા (૪)

૩૧) સિધ્ધનો રંગ (૨)

૩૨) અહીં મનુષ્ય ગતિથી જ જઈ શકાય (૨)

૩૬) મહાવીર સ્વામીની માતાઓ કેટલી હતી? (૧)

**ધર્મસંદેશ - ૨૦.૦૪.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) વજસ્વામી (૨) સદભદ્રગીરી (૫) નમે (૬) ભીનમાલ (૮) તપ (૯) વિરાર (૧૦) રાશિ (૧૧) વામજ (૧૩) ભરહેસર (૧૪) વતન (૧૬) દારૂ (૧૭) જિનશાસન (૧૯) ચક્રવર્તી (૨૧) છ (૨૨) બે (૨૪) નિપાણી (૨૫) રજત (૨૮) છ (૨૯) તેર. **ઊભી ચાવીઓ :** (૧) વલ્લભીપુર (૨) સમેત શિખરજી (૩) ભય (૪) ગીરીરાજ (૭) માયા (૯) વિમલવસહી (૧૨) માન (૧૩) ભરૂચ (૧૫) તન (૧૮) નયસાર (૨૦) વસ્તુપાલ (૨૩) હોળી (૨૬) જલ (૨૭) વેર.


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા તેરાવાલા
### દાતાઓ તરફથી એપ્રિલ-૨૨ થી માર્ચ-૨૩ સુધી મળેલ શાળા ફી-પુસ્તક સહાય ભેટ

| નં. | દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| | **માતુશ્રી પ્રમિલાબેન દામજી દંડ, હસ્તે વિહાન પ્રતિક દંડ અને પાર્થ જયેશ દંડ, કાયમી અનામત ફંડ પેટે. જેનું વાર્ષિક વ્યાજ ફી સહાય અર્થે વાપરવાની શરતે** | ૫૦૦૦૦૦૦ | **૫૦૦૦૦૦૦** |
| ૧ | શ્રી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન | ૧૧૦૦૦૦૦ | **૧૧૦૦૦૦૦** |
| ૨ | શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ્સ મ. બંદર | ૫૦૦૦૦૦ | **૫૦૦૦૦૦** |
| | **જખૌ** | | **૧૬૮૧૧૧** |
| ૧ | શ્રી મિલનભાઈ હેમરાજ મહેશ્વરી-પુના | ૧૧૧૧૧૧ | |
| ૨ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જખૌ મહાજન-વર્ષ૨૦૨૧-૨૨ ફી સહાય | ૨૫૦૦૦ | |
| ૩ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જખૌ મહાજન-વર્ષ૨૦૨૨-૨૩ ફી સહાય | ૨૧૦૦૦ | |
| ૪ | શ્રીમતી મણીબાઈ ડુંગરશી હેફ્ફા હસ્તે મયુરી ચાંપશી હેફ્ફા | ૧૧૦૦૦ | |
| | **કોઠારા** | | **૪૦૦૦૦૦** |
| ૧ | શ્રી હરીશભાઈ પાલાણી અને શ્રી કિરણભાઈ પાલાણી, કોઠારા તેમજ અન્ય ગામના વિદ્યાર્થીઓને ફી સહાય | ૩૦૦૦૦૦ | |
| ૨ | શ્રી મુકેશભાઈ ગોવિંદજી જીવરાજ લોડાયા | ૧૦૦૦૦૦ | |
| | **લાલા** | | **૧૮૦૦૦૦** |
| ૧ | માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી હ. શ્રી નિલેશકુમાર શાંતિલાલ મૈશેરી-મુલુંડ(દુબઈ) | ૧૦૦૦૦૦ | |
| ૨ | શ્રી નરેન્દ્રભાઈ શાહ | ૫૦૦૦૦ | |
| ૩ | શ્રી સંજયભાઈ ગોવિંદજી શાહ-મુલુંડ | ૩૦૦૦૦ | |
| | **મંજલ** | | **૬૦૦૦૦** |
| ૧ | શ્રીમતી નીલાંજના સુશીલ શાહ | ૩૦૦૦૦ | |
| ૨ | સ્વ. શ્રી કાંતિલાલ અરજણ દંડ-મુલુંડ | ૩૦૦૦૦ | |
| | **રાપરગઢવારી** | | **૩૦૦૦૦** |
| ૧ | શ્રી કુંવરજી હરશી લોડાયા | ૩૦૦૦૦ | |
| | **મોટી ખાવડી** | | **૧૪૭૮૭૫** |
| ૧ | શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી | ૧૪૭૮૭૫ | |
| | **મોટી સિંધોડી** | | **૧૨૫૦૦૦** |
| ૧ | માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા (શાહ), શ્રી રાજેશભાઈ શાહ | ૧૨૫૦૦૦ | |

| | | | |
|---|---|---|---|
| | **નલીયા** | | **૧૦૩૮૧૧૨** |
| ૧ | શેઠ નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, મસ્જીદબંદર<br>નલીયા તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને શાળા ફી | ૪૦૦૦૦૦ | |
| ૨ | શ્રી ભરતભાઈ શાહ | ૨૦૦૦૦૦ | |
| ૩ | શ્રી રૂપેશભાઈ મોતીચંદ ખોના | ૨૦૮૦૦૦ | |
| ૪ | શ્રી જીતેન્દ્ર ડી. બી. ખોના-કોઈમ્બતુર | ૩૫૦૦૦ | |
| ૫ | શ્રી શાંતિલાલ જે. શાહ-માટુંગા | ૩૩૦૦૦ | |
| ૬ | શ્રી મયંકભાઈ ગોવિંદજી મોમાયા-બાંદ્રા | ૩૦૦૦૧ | |
| ૭ | શ્રી લલિતભાઈ નરશી ધરમશી | ૩૦૦૦૦ | |
| ૮ | શ્રી અનિલ હીરાચંદ શાહ નાગડા હસ્તે શ્રી મયુર એ. શાહ-કોઈમ્બતુર | ૨૫૦૦૦ | |
| ૯ | શ્રી કેડીઓ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૧૦૦૦ | |
| ૧૦ | શ્રી નરેન્દ્રભાઈ જે. શાહ-માટુંગા | ૧૫૦૦૦ | |
| ૧૧ | શ્રીમતી સરલાબેન જયચંદ નરશી લોડાયા-નલીયા (ચેંબુર) | ૧૫૦૦૦ | |
| ૧૨ | પાર્શ્વનાથ કોર્પોરેશન હસ્તે શ્રી મધુભાઈ નાગડા-પોલાચી | ૧૫૦૦૦ | |
| ૧૩ | શ્રીમતી મીનાબેન કમલેશ લોડાયા-માણાવદર | ૧૧૧૧૧ | |
| | **રંગપુર** | | **૧૧૩૯૪૦** |
| ૧ | શ્રી રંગપુર કચ્છી દશા ઓસવાલ દેરાસરજી મહાજનવાડી ટ્રસ્ટ | ૧૧૩૯૪૦ | |
| | **રવા** | | **૬૮૦૦૦** |
| ૧ | શ્રી કિરીટભાઈ એલ. લાપસિયા | ૬૮૦૦૦ | |
| | **સાંધાણ** | | **૩૦૦૦૦** |
| ૧ | સાધનાબેન ડી. શાહ-વડાલા | ૩૦૦૦૦ | |
| | **રાયધણજર** | | **૨૫૦૦૦** |
| ૧ | શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા | ૨૫૦૦૦ | |
| | **સુથરી** | | **૫૦૦૦૦૦** |
| ૧ | માતુશ્રી કસ્તુરીબાઈ વસનજી ધરમશી અને માતુશ્રી રતનબેન નરશી ધરમશી,<br>સુથરી તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને ફી સહાય | ૫૦૦૦૦૦ | |
| | **સાંધવ** | | **૨૫૯૦૮૯** |
| ૧ | શ્રી મણીમાણેક ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી ચાંપશીભાઈ લોડાયા | ૨૫૯૦૮૯ | |
| | **સુજાપર** | | **૬૫૦૦૦** |
| ૧ | શ્રીમતી મીનાબેન મનીષ શાહ | ૩૨૫૦૦ | |
| ૨ | શ્રી મનીષભાઈ હીરજી શાહ | ૩૨૫૦૦ | |
| | **તેરા** | | **૬૦૦૦૦** |
| ૧ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ-તેરા | ૬૦૦૦૦ | |

| | | | |
|---|---|---|---|
| | **વાંકુ** | | **૭૯૦૦૦** |
| ૧ | શ્રી અજીતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ-મુલુંડ | ૩૧૦૦૦ | |
| ૨ | શ્રી હિનેશભાઈ ભવાનજી લોડાયા-મુલુંડ | ૩૦૦૦૦ | |
| ૩ | શ્રી રમેશભાઈ ટી. સોની | ૧૧૦૦૦ | |
| ૪ | શ્રી દામજી નરશી સોની-મુલુંડ | ૭૦૦૦ | |
| | **વરાડીયા** | | **૩૦૦૦૦૦** |
| ૧ | માઈક્રોફિનીશ વાલ્વ્સ પ્રા. લિ.-હુબલી | ૨૦૦૦૦૦ | |
| ૨ | શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ એન્ડ મહાજન ફન્ડ્સ ટ્રસ્ટ | ૧૦૦૦૦૦ | |
| | **જનરલ ફંડ** | | **૭૦૧૦૦૧** |
| ૧ | શ્રી ગ્રો રીચ ફાઈનટેક એલ.એલ.પી. | ૧૨૫૦૦૦ | |
| ૨ | એક સદ્‌ગૃહસ્થ | ૧૫૯૦૦૦ | |
| ૩ | માર્સેપ સર્વિસીસ પ્રા. લિ. | ૫૦૦૦૦ | |
| ૪ | શ્રી કેડીઓ મંડળ ડોંબિવલી | ૩૬૦૦૦ | |
| ૫ | મેસર્સ કેડાટ્રોનિક્સ | ૩૧૦૦૦ | |
| ૬ | શ્રી વિપુલભાઈ ઠાકરશી લોડાયા (ધરમશી) | ૩૦૦૦૦ | |
| ૭ | શ્રીમતી વિરાલી પરેશ ખોના | ૩૦૦૦૦ | |
| ૮ | શ્રી વીરેનભાઈ રતિલાલ શાહ | ૩૦૦૦૦ | |
| ૯ | શ્રી પરેશભાઈ દેવેન્દ્ર ખોના | ૩૦૦૦૦ | |
| ૧૦ | શ્રી ગીરીશભાઈ જીવરાજ દેસાઈ-રાયચુર | ૩૦૦૦૦ | |
| ૧૧ | શ્રી ધીરેન્દ્ર આણંદજી ખોના ચેરીટેબલ મેમોરીયલ ટ્રસ્ટ-ગાંધીધામ | ૨૫૦૦૦ | |
| ૧૨ | શ્રી પૂર્વેશ ચીમનલાલ મોમાયા | ૨૫૦૦૦ | |
| ૧૩ | એક સદ્‌ગૃહસ્થ | ૨૦૦૦૦ | |
| ૧૪ | શ્રી રમેશભાઈ દેવજી ખોના | ૨૦૦૦૦ | |
| ૧૫ | મહાવીર શીપીંગ | ૧૫૦૦૦ | |
| ૧૬ | શ્રી પદમભાઈ લાલજી લોડાયા-ડોંબિવલી | ૧૫૦૦૦ | |
| ૧૭ | મલાલા ફાઉન્ડેશન | ૧૦૦૦૦ | |
| ૧૮ | શ્રી રૂષભ ગીરીશ શાહ-અમદાવાદ | ૧૦૦૦૦ | |
| ૧૯ | શ્રી પ્રકાશ લાલજી મૈશેરી | ૫૦૦૧ | |
| ૨૦ | શ્રીમતી ચૌલા કુરૂવા-અમદાવાદ | ૫૦૦૦ | |
| | કુલ રૂા. | ૫૯૫૦૧૨૮ | **૫૯૫૦૧૨૮** |

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના ૩૦૧ વિદ્યાર્થીઓએ કુલ રૂા. ૬૫,૨૦,૫૩૦/- શાળા ફી સહાય અર્થે અરજીઓ કરેલ. રાપર ગામની ૭ અરજીઓ રૂા. ૧,૯૩,૬૬૦/-ની ફી સહાય શ્રી પારસભાઈ મૈશેરીએ કરેલ છે. મહાજનો અને દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના. સહૃદય અપીલ કરીએ છીએ કે સંસ્થા તેની શૈક્ષણિક પ્રવૃત્તિ સરળતાથી પૂરી કરી શકે તે હેતુ સાથે આપશ્રી આવી જ રીતે સંસ્થાને ડોનેશન મોકલાવી સહાય કરતા રહેશો.

સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા. આ બદલ આપશ્રી દાતાઓનો ખૂબ ખૂભ આભાર અને ઋણ સ્વીકાર.

**લિ. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી પારોલાતીર્થમાં ચાતુર્માસ પ્રવેશ

શ્રી શાંતિનાથ દાદાની કૃપાથી તેમજ શાસનસમ્રાટ સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતી આ.ભ. પરમપૂજ્ય શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી શાસનપ્રભાવિકા પરમપૂજ્ય સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના શિષ્યા ખાનદેશરત્ના પરમપૂજ્ય સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા., પરમપૂજ્ય સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. આ.ઠા.૨નો પારોલા શ્રીસંઘને ચાતુર્માસનો લાભ મળ્યો છે. સાધ્વીશ્રી ભગવંતોનો પારોલા ચાતુર્માસ પ્રવેશ તા. ૨૬.૬.૨૦૨૩ના સવારના ૯ વાગે થશે.

### શ્રી પારોલાતીર્થમાં ૧૬૪મી ધ્વજામહોત્સવ ઉજવણી

પારોલાતીર્થે શ્રી શાંતિનાથદાદાના જિનાલયની ૧૬૪મી ધ્વજા મહોત્સવની ઉજવણીમાં ગામવાસીઓ અને ગામોગામથી પધારેલ જ્ઞાતિના ભાવિકોએ શાસનની શોભા વધારી હતી. પૂજન વિધિ ચિરાગ ખુશાલ સંગોઈ-બાડા મુંબઈવાલાએ મધુરકંઠે કરાવેલ.

### કેડીઓ ગૌરવ મનીષભાઈ મોતા



ભાંડુપ મુંબઈના નગરશેઠ પરિવારના ભાઈ મનીષ કિશોરચંદ્ર દામજી મોતા (રાયધણજરવાલા)ની મહારાષ્ટ્રના રાજ્યપાલ સાહેબની મેડીકલ પેનલમાં નિમણુંક થઈ છે.

### જુનીયર સુરસમ્રાટ સ્વરા લોડાયા

મસ્કત ઓમાનવાસી કોઠારાની ૭ વર્ષની સ્વરા મેઘા/અતીત લોડાયા કદઓ જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા ૨૨ એપ્રિલના આયોજીત ઓનલાઈન સ્તવન ગાયન સ્પર્ધામાં વિજેતા બની છે. સ્પર્ધાના નિર્ણાયક/જજ હતા કાશ્મીરાબેન વિનોદ લોડાયા.

### ઍડ. મિનલજી ભરત મુલજી ખોના

જીતો પ્રોફેશનલ ફોરમના ડિરેક્ટર ઍડવોકેટ મિનલબેન ખોના-સુથરી (નવી મુંબઈ) જીતો એજ્યુકેશન અસીસટન્સ (શિક્ષણ સહાય)ના ટ્રસ્ટી વરાયા છે.

### નવા બેરિસ્ટર સોલીસીટર

શ્રીમતી પાયલ પાર્થ પારીખ, મિનલબેન અને ભરત ખોના-સુથરી(નવી મુંબઈ)ના દીકરી ઓન્ટારિયો કેનેડાથી સોલીસીટર અને બેરીસ્ટર થયા છે.

### સુધીરભાઈ મોતાનું સંત સાહિત્ય પર વક્તવ્ય

ભોપાલ નિવાસી વાંકુના સુધીરભાઈ વાલજી અરજણ મોતાએ ભારત ભવન ભોપાલ ખાતે આયોજિત ‘સંત સાહિત્ય અને આપણો સમાજ’ વિષય પર મનનીય વક્તવ્ય આપ્યું હતું. વિષય ભક્તિપદોના ગાયન પર આધારિત ગોષ્ઠીનું આયોજન દેવેન્દ્ર દિપકની અધ્યક્ષતામાં થયું હતું.

### રાયપુર હોસ્પિટલને સર્વપ્રથમ ત્વચાદાન

ડીકેએસ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને પહેલી જ વાર ત્વચાનું દાન મળ્યું છે. હોસ્પિટલના પ્લાસ્ટીક સર્જરી વિભાગના વડા ડૉ. દક્ષેસ રાયચંદ લખમશી નરપાર લોડાયાએ જણાવ્યું હતું કે બર્ન ઈન્જરી, એસિડ અટેક અને એક્સીડન્ટના કારણે ઘણી વખત ત્વચાની પ્લાસ્ટીક સર્જરી અર્થાત ત્વચા પ્રત્યારોપણની જરૂર પડે છે. હોસ્પિટલ ત્વચા બેન્ક ધરાવે છે. એ માટે પહેલીજ વાર તેમની સમજાવટના લીધે એક દાતાએ ત્વચાનું દાન કરેલું.

### પૂજા મૈશેરી મિલાન ડિઝાઈન મેળામાં

જખૌ/થાણેના ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ પૂજા મુકેશ મૈશેરીએ મિલાન ખાતે યોજાયેલ ઈન્ડ. ડિઝાઈન એક્ઝીબીશનમાં બીજી વખત ભાગ લીધો છે.

પૂજા મૈશેરી કિયા મોટર્સના રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગમાં સીનીયર કલર મટીરિયલ ફિનીશ ડિઝાઈનર છે. તેમણે વૈશ્વિક ડિઝાઈન મેળામાં ભાગ લઈ ફરી એકવાર દેશનું ગૌરવ વધાર્યુ છે. એન્જીનિયરીંગ ઉપરાંત પૂજા કથકમાં વિશારદ અને એડવેન્ચર માઉન્ટેનિયરીંગમાં ડિગ્રી ધરાવે છે.

### કેડીઓ ક્લાસિકની નવી ટીમ

વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ની કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની નવી ટીમ ચુંટાઈ આવી છે. તે મુજબ લાલાના મુકેશ દામજી મૈશેરી પ્રમુખ, સૌ. મીના શાંતિલાલ જીવરાજ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

નાગડા-નલિયા ઉપપ્રમુખ, જીતન પ્રતાપ દંડ(શાહ)-સુથરી-સચિવ, કેતન કુલીનકાંત નાગડા-તેરા-સંયુક્ત સચિવ, સૌ. જયશ્રી નવીન જૈન (ધુલ્લા)-બાયઠ-ખજાનચી પદે ચુંટાયા છે. કારોબારીના અન્ય સભ્યો સૌ. સાધના સંજય ચીમનલાલ નાગડા-નલિયા, દિપા હીરેન લક્ષ્મીચંદ નાગડા-જખૌ, લતાબેન ભાગચંદ દંડ (કારાણી)-સુથરી, ચેતન ગુલાબચંદ શાહ (પોલડીયા)-બાયઠ, રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા-જખૌ, તેજસ બંકીમચંદ લાલકા-લાલા.

### અનંતછાયા જિનાલય ધ્વજા મહોત્સવ

ઘાટકોપર અનંતછાયા સ્થિત અનંતનાથ જિનાલયની છઠ્ઠી વર્ષગાંઠ નિમીત્તે ૭મા ધ્વજા મહોત્સવ પ્રસંગે કદઓ જીવીસી સંઘના આંગણે ધ્વજા મહોત્સવ યોજાયો હતો.

### એડ. ઉદય શાહના સથવારે નેપાલ ટ્રેડ

પ્રકાશ સમીક્ષાના કા.તંત્રી અને ટ્રસ્ટી એડ. ઉદયભાઈ શાહની આગેવાનીમાં નેપાલ હિમાલય સ્થિત લાંગતાંગ વેલી ટ્રેકીંગનું આયોજન થયેલ છે. ટ્રેકીંગ કાર્યક્રમ ૮ મે થી ૧૭ મે ૨૦૨૩ના ગાળામાં યોજાયો છે. ટીમમાં ટ્રેકીંગના અનુભવી સભ્યો સામેલ છે.

### પ્રવીણભાઈને આદર્શ ડોંબિવલીકર પુરસ્કાર

કોઠારા ડોંબિવલી નિવાસી કલ્યાણક તીર્થયાત્રા આયોજક પ્રવીણભાઈ ટોકરશી લોડાયાને વિવિધ કાર્ય ક્ષેત્રોમાં ઉલ્લેખનીય સામાજીક સેવા પ્રવૃત્તિઓ માટે 'આદર્શ ડોંબિવલીકર પુરસ્કાર' એનાયત કરાયો છે. અહીં સ્મરણીય છે કે પ્રવીણભાઈ ડોંબિવલી અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ છે.

### કિડની અને અસ્થી રોગ નિદાન કેમ્પ

ઘાટકોપરમાં ડૉ. મીરાબેન દેવચંદ ધરમશી ઘણા સમયથી કિડની અને અસ્થી(હાડકા)ના રોગ નિદાન કેમ્પ ચલાવે છે. ડૉ. મીરાબેનના જણાવ્યા મુજબ સામાન્યતા દર વખતે ૫૦ થી ૭૦ વ્યક્તિ કેમ્પનો લાભ લે છે. જેમાં થોડી વ્યક્તિ રીપીટ લાભ લે છે. અત્રે નોંધવું રહ્યું કે પગની બિમારીવાળા અને લાકડીની મદદથી ચાલતી વ્યક્તિઓની લાકડી છૂટી જાય છે. એટલું જ નહીં કાયમી ડાયાલિસીસની જરૂર પણ જતી રહે છે. દવાઓ મફત અપાય છે.

### સોનાવાલા આર્ટ ઑફ લિવિંગમાં

સોનાવાલા પરિવારના વિપુલ ગુલાબભાઈ સોનાવાલા ડૉક્ટર બનવા ઈચ્છતા હતા. પણ ભાગ્ય એમને શ્રી શ્રી રવિશંકરજીના પ્રભાવમાં ખેંચી લાવ્યો અને તે 'આર્ટ ઑફ લિવિંગ મિશન'માં જોડાયા. યોગાનુયોગ વિપુલભાઈ કેડીઓ યુવા મિલન, ચેન્નઈ જે 'સુનામી યુવા મિલન' તરીકે પણ જાણીતું છે તેના ઉપર આર્ટ ઑફ લિવિંગ કાર્યક્રમમાં ત્રાટકી. બધા હેમખેમ બચી ગયા.

હવે વિપુલભાઈ આશ્રમના ઑર્ગેનિક કૃષિ અને માર્કેટીંગના વડા છે. હવે તેમના પત્ની વિરાજબેન અને દીકરી ડૉ. કેયા પણ 'આર્ટ ઑફ લિવિંગ'ના શિક્ષક છે.

### નાસિકમાં ભલારાદાદાની સામુહિક પહેડી

નાસિક શહેરમાં કદઓ જ્ઞાતિજનોની વસતી વધી રહી છે એ જોતા કદઓ જૈન જ્ઞાતિ મહાજન સેવાભાવી સંસ્થા દ્વારા પંચવટી નાસિક ખાતે સ્વામી નારાયણ હૉલમાં સમુહ પહેડીનું આયોજન તા. ૨૨ માર્ચના રોજ કરવામાં આવ્યું હતું. દેવલાલી, નાસિક અને બહારગામના અંદાજે ૨૦૦ જણે લાભ લીધો હતો.

### ઑલ લેડીઝ રેડીયો સ્ટેશન ભીમસર

૯૦.૪ રેડીયો સઈઅરેજો રેડીયો કચ્છમાં ગ્રામીણ મહિલાઓ માટે ખૂબજ ઉપયોગી થઈ રહ્યું છે. આ રેડીયોના શ્રોતા ૨૬ ગામોમાં પ્રસરેલા છે. ભીમસર નખત્રાણા કચ્છના આ રેડિયોના પ્રોગ્રામ માણવા જેવા અને ખૂબજ ઉપયોગી છે. સાંભળી જોજો એમ યશોધનભાઈ કારાણી જણાવે છે.

### રંગપુર ભીડભંજન પાર્શ્વનાથ જિનાલય ધ્વજારોહણ

રંગપુરના ભીડભંજન પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી જિનાલયના ૩૪મા ધ્વજારોહણ મહોત્સવનું આયોજન તા. ૩૦.૪.૨૩ના સંપન્ન થયું.

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ(થાણા)** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.



**પાસ થયા અભિનંદન**

**તેજ પ્રદીપભાઈ લોડાયા(પટેલ)**

**સાંધવ (ડોંબિવલી)**

Cost & Management Accountant **(ICWA)**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

## વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

### પરજાઉ જિનાલયે ૧૮ અભિષેક

પરજાઉના ચંદ્રપ્રભ સ્વામી જિનાલયમાં વિધિકાર પ્રવીણ ગાંગજી સાવલાના સાથમાં ૧૮ અભિષેક પૂજાનું આયોજન હાલમાં જ કરવામાં આવ્યું હતું.

### મંજલ જિનાલયે ૧૮ અભિષેક પૂજન

મંજલ રેલડિયાના આદિનાથ સ્વામી જિનાલયની ૧૪૧મી વર્ષગાંઠ પ્રસંગે પ.પૂ. ગણિવર્ય રાજરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર ચંદ્રકાંત દેઢિયા બિદડાવાલાના સહયોગમાં ૧૮ અભિષેક પૂજન આરાધના કરવામાં આવી.

### ભલારાદાદા મંદિર તેરા

તેરાના ભલારાદાદા ટ્રસ્ટ મંદિરની ધ્વજા અને પહેડી તા. ૨૪.૪.૨૩ના આયોજિત થયા હતા.

### પ.પૂ. મુનિરાજ પ્રિયંકરસાગરજી મ.સા.નો દીક્ષા પર્યાયના ૩૯મા વર્ષમાં પ્રવેશ

વૈશાખ શુક્લ ૯, વિક્રમ સંવત ૨૦૪૧ના શુભ દિને મંજલ રેલડીયાના મા. રશ્મીબેન હીરાચંદ રતનશી ગાલાના ધર્મપ્રાણ પુત્રે નાગલપુર ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભહસ્તે દીક્ષા ગ્રહણ કરી દીક્ષા દાતા આ.ભ.શ્રી.ને ગુરૂ પદે સ્થાપિત સંયમ પર્યાયના યશસ્વી ૩૮ વર્ષ પૂર્ણ કરી ૩૯ વર્ષમાં પ્રવેશ કર્યો છે. ગુરૂ ભગવંતને મત્થેણ વંદામિ.

### પ.પૂ.સા. મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.

વૈશાખ શુક્લ-૭, વિક્રમ સંવત ૨૦૨૪ના દિને કોઠારા સાંયરાના માવિત્ર માતુશ્રી લક્ષ્મીબેન લખમશી રતનશી દંડની રત્નકુક્ષએ અવતરી મોટા આસંબીયા ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભહસ્તે દીક્ષા ગ્રહણ કરી પ.પૂ. સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના ગુરૂ પદે સંયમ ગ્રહણ કરી આ વર્ષે પ.પૂ.સા. મહાપ્રજ્ઞાશ્રીજીએ સંયમજીવનમાં યશસ્વી ૫૫ વર્ષ પૂર્ણ કરી ૫૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ગુરૂ માઈને મત્થેણ વંદામિ.

### પ.પૂ. સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા.

સાંધવના રત્નકુક્ષી માતુશ્રી મીનાબેન મણીલાલ પદમશી ખોનાના દીકરી વિક્રમ સંવત ૨૦૭૧ના વૈશાખ સુદ-૬ના ભાંડુપ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ..આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ મહારાજ પ.પૂ.સા. શ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે શરૂ કરેલા સંયમ જીવનના ૯મા વર્ષમાં પ્રરેશ કર્યો છે. મત્થેણ વંદામિ.

### ઉદીયમાન ટેનિસ સ્ટાર આર્યન શાહ

ભુજના અમદાવાદ નિવાસી ૨૮ વર્ષીય આર્યન પ્રશાંત શાહ મેલબોર્ન ખાતે ઑસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લામ જુનિયર ચેમ્પિયનશીપમાં આપણા દેશવતી ભાગ લેનાર એકમાત્ર ટેનિસપટ્ટુ છે. દેશમાં સુવર્ણચંદ્રક જીતી ચુકેલા આ ટેનિસ સ્ટારને જો કે હાર ખમવી પડી હતી. પણ હવે તે ફ્રાંસમાં ફ્રેન્ચ ઓપન અને લંડનની વિમ્બલ્ડન સ્પર્ધામાં ભાગ લેવા તૈયારી કરી રહ્યો છે. અગાઉ પુણે(પૂના)માં રમાયેલી ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન લોન ટેનિસ જુનિયર ટુર્નામેન્ટમાં રનર અપ રહ્યો હતો.

### ખડીરબેટ રાખાલ જીઓ પાર્ક બનશે?

વિશાળ જીઓ પાર્ક બનવાની શક્યતા ધરાવતી રાખાલ આરક્ષિત જાહેર કરવાની લાગણી મજબુત બની રહી છે.

આ વિસ્તારમાં ફોસિલ્સના ઢગલા પડ્યા છે. વુડ ફોસિલ્સ, એમોનાઈટ, સમુદ્રી શંખ, છીપલા વગેરે અસ્મીભૂત (પત્થર) થઈ ગયેલા જોવા મળે છે.

### વણાટકામ ડોક્યુમેન્ટરી

પ્રોફેશનલ ડોક્યુમેન્ટરી (દસ્તાવેજી) ફિલ્મ પ્રોડ્યુસર રાજકોટના રોહનભાઈ રાવે તાજેતરમાં ભુજોડીના વણાટકામ નિષ્ણાંત કસબી પચાણભાઈ પ્રેમજી સીજુના જીવન પર 'થ્રી થ્રેડ્સ'ના નામે સુંદર ડોક્યુમેન્ટરી ફિલ્મનું નિર્માણ કર્યુ છે. રોહનભાઈ રાવે યુએસમાં ડોક્યુમેન્ટરી ફિલ્મના નિર્માણની તાલિમ લીધી છે. તેમણે અનેક એવોર્ડ વિજેતા દસ્તાવેજી ફિલ્મોનું નિર્માણ કર્યું છે. ઉપરોક્ત ૨૪ મિનીટની ગુજરાતી દસ્તાવેજી ફિલ્મ 'થ્રી થ્રેડ્સ' માં કચ્છની વણાટ કળાનું સુંદર આલેખન કર્યું છે. ફિલ્મના સંગીતકાર એ.આર. રહેમાનના સહાયક રહેલા જગજીત વાલેચાની કળા પણ માણવા જેવી છે.


### કચ્છી હાઈબ્રીડ મોપેડ યામાહા ફશીનો

આપણા દેસમાં સ્ટાર્ટઅપ ઉદ્યમીઓમાં કચ્છનું ઓટો ક્ષેત્રમાં નામ નોંધાવનાર ભવાની ઓટો માધાપર ભુજના લખન જયેશભાઈ પરમારે ગુજરાતનું પ્રથમ અને ભારતનું ત્રીજું હાઈબ્રીડ મોપેડ બનાવ્યું છે. જે પેટ્રોલ અને વિજળી બંનેથી ચાલે છે. સિંગલ સીટમાં ૫૦ કિ.મી. અને ડબલ સીટ પર ૪૦ કિ.મી.ની સ્પીડ પકડી શકે છે. ફુલ ચાર્જમાં ૬૫ કિ.મી. દોડતી આ મોપેડ ચાર્જ થતા માત્ર બે કલાક લાગે છે.

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : **98197 93610 / E-mail : rpshah41@yahoo.com**



## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૪.૨૦૨૩ | મુલુંડ | વંદિત પ્રદીપ પદમશી લાપસિયા | કોઠારા | ૩૦ |
| | ડોંબિવલી | કિંજલ ધીરેન ગુલાબચંદ મૈશેરી | જખૌ | ૩૦ |
| ૨૨.૦૪.૨૦૨૩ | જામનગર | પરેશ પંકજ હંસરાજ દંડ | લાલા | ૨૯ |
| | ભાંડુપ | હર્ષિતા ગિરીશ શિવજી મૈશેરી | નાની સિંધોડી | ૨૬ |
| ૨૨.૦૪.૨૦૨૩ | ગદગ | હિતેશ હરીશ રાયમલ નાગડા | નલિયા | ૩૧ |
| | બેંગ્લોર | સેજલ વસંત લખમશી લોડાયા | મોટી સિંધોડી | ૨૯ |
| ૨૫.૦૪.૨૦૨૩ | ગાંધીધામ | પાર્થ શૈલેશ ધનપતિ નાગડા | તેરા | ૨૭ |
| | મુલુંડ | કિંજલ હિતેશ સૂર્યકાંત કુરૂવા | ગોધરા | ૨૬ |
| ૩૦.૦૪.૨૦૨૩ | મુલુંડ | મહેક ચંદ્રેશ કરમશી ધુલ્લા | સુથરી | ૨૯ |
| | મુલુંડ | મૌસમ ગિરીશ પુનશી મુનવર | રંગપુર | ૨૫ |
| ૩૦.૦૪.૨૦૨૩ | અમદાવાદ | વરૂણ વિરેન્દ્ર દામજી છેડા | સુથરી | ૩૫ |
| | અમદાવાદ | દર્શના મુલચંદ લાલજી મોમાયા | સાંયરા | ૩૫ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૦૪.૨૦૨૩ | ખામગાંવ | જાગૃત ઉપેન્દ્ર ભવાનજી મોમાયા | જખૌ | -- |
| | ખામગાંવ | પ્રિયંકા દિલીપકુમાર મડીવલે | ખામગાંવ | -- |
| ૨૨.૦૪.૨૦૨૩ | ઘાટકોપર | ડેનીશ નરીશ મણીલાલ લોડાયા | સુથરી | ૨૮ |
| | અંધેરી | શ્રધ્ધા વિલાસ પરશુરામ માંજરેકર | જૈતાપુર | ૩૪ |
| ૨૨.૦૪.૨૦૨૩ | ડોંબિવલી | દક્ષ જયંત કુંવરજી ધરમશી | ભરૂડિયા | ૨૯ |
| | ડોંબિવલી | સ્મિતા સુરેશ શાંતારામ આગીને | શિરવલી | ૨૬ |
| ૨૩.૦૪.૨૦૨૩ | મુલુંડ | કેવિલ બીપીન ભગવાનજી સોમૈયા | અંજાર | ૩૨ |
| | મુલુંડ | જીનલ ચંદ્રકાંત રાયચંદ ધુલ્લા | સુથરી | ૩૨ |
| ૨૩.૦૪.૨૦૨૩ | મુલુંડ | પ્રતિક પ્રમોદ હંસરાજ સોની | સુથરી | ૩૦ |
| | બેગલુરૂ | અનુશા વેણુગોપાલ અચ્યુતરામમૂર્તિ પુસુલુરી | અંતરવેદી પાલેમ | ૩૧ |
| ૦૨.૦૫.૨૦૨૩ | મુલુંડ | નિશાંત નવિન કાનજી ઠક્કર | કોટડા જડોદર | ૩૪ |
| | ભાંડુપ | જીનલ હિરેન મેઘજી સોની | સુથરી | ૩૧ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૪.૨૦૨૩ | અહમદનગર | ઈન્દીરાબેન લાલજી લોડાયા | રાપર | ૮૫ |
| ૧૮.૦૪.૨૦૨૩ | વિદ્યાવિહાર | ગિરીશ વર્ધમાન ધરમશી | નલિયા | ૫૯ |
| ૧૯.૦૪.૨૦૨૩ | ડોંબિવલી | શરદચંદ્ર શામજી કુરૂવા | ગોધરા | ૭૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૪.૨૦૨૩ | હુબલી | પ્રભાબેન પુનમચંદ ધરમશી | છાડુરા | ૭૪ |
| ૨૦.૦૪.૨૦૨૩ | વડાલા | સરલાબેન નવીનચંદ્ર નાગડા | નલિયા | ૭૫ |
| ૨૧.૦૪.૨૦૨૩ | તેરા | વિજયાબાઈ ધનજી લોડાયા | તેરા | ૮૩ |
| ૨૧.૦૪.૨૦૨૩ | ડોંબિવલી | સગુણાબેન મણીલાલ લોડાયા | મોટી ખાવડી | ૬૭ |
| ૨૩.૦૪.૨૦૨૩ | કલીકટ | ગુણવંતીબેન ઠાકરશી લોડાયા | બાંઢીયા | ૮૪ |
| ૨૩.૦૪.૨૦૨૩ | ઇંદોર | રાજીવ કિરણ ધરમશી | નલિયા | ૪૧ |
| ૨૪.૦૪.૨૦૨૩ | અમદાવાદ | આશિષ નરેન્દ્ર મોતા (મધુબાલા નરેન્દ્ર ખોના-જખૌના જમાઈ) | ભુજપુર | ૪૩ |
| ૨૮.૦૪.૨૦૨૩ | મસ્જીદ બંદર | ચંદ્રકાંત અરજણ (દેશર) મોતા | વાંકુ | ૭૮ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Ashish Chatrabhuj Shah (Dharamshi) (PS-5766)**
6, Radha, Gokul Dham, Mal Godown Road,
Opp. Panjab National Bank,
Mehesana, GJ - 384 002.
M. : 99745 32758.

**Shri Paresh Manekji Dand (PS-1789)**
C-1/1402, Kamal Integrated CHSL,
Mulund Goregaon Link Road,
Near Link Apartment,
Mulund (West), MH - 400 080.
M. : 98201 72499, 98695 74657.

**Shri Dipesh Praful Mota (PS-2220)**
A-1401, Devam Majesty, 14th Floor,
Building No. 88, Asthamukh Ganesh CHSL,
Pant Nagar, Near YMC Club,
Ghatkopar (East), MH - 400 075.
M. : 80828 28080.

**Shri Bhavesh Jethalal Dagha (PS-2492)**
204, Mulund Lalit Kunj,
Dada Saheb Gaikwad Road,
Behind Avani Tower,
Mulund (West), MH - 400 080.
M. : 75063 86363-Bhavesh Dagha,
93203 66285 - Chetana Dagha

**Shri Chhatrapati Jethabhai Maisher (PS-6769)**
202, Orchid Building, 2nd Floor,
AND Forever City Complex, Agasan,
Diva (East), MH - 400 612.
M. : 99704 13081.

**Shri Mahendra Panachand Shah (Lodaya) (PS-4637)**
44/4115, Phase 2, Swarna Bhoomi,
Street 44, Behind Titli Garden,
Swarna Bhoomi, Ama Seoni,
Raipur, CG - 492 001.
M. : 78981 34479.

**Shri Alpesh Girish Dand (PS-7443)**
1605/1606, Santura Tower, Senroof Society,
Goregaon Mulund Link Road,
Near Nahur Station,
Mulund (East) MH - 400 081.
M. : 98200 57598 / 98333 57598 /
022 65023424

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

BEING JAIN

# Pramaad- Its Causes, Consequences And Cure



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

A news post from International Statistical Institute, read: “Eminent Statistician C.R. Rao Awarded 2023 International Prize in Statistics

ALEXANDRIA, VA (April 1, 2023)

C.R. Rao, a professor whose work more than 75 years ago continues to exert a profound influence on science, has been awarded the 2023 International Prize in Statistics.”

Dr. C.R. Rao made Statistics into his religion and dedicated his entire life to the pursuit of excellence in that field. The following facts prove my point:

The International Prize in Statistics is equivalent to the Nobel Prize.

Dr. Rao's work provided insights that pioneered the new interdisciplinary field of “information geometry”, which has been applied at the Large Hadron Collider, the world's largest and most powerful particle accelerator.

At the age of 102, he will receive the prize, this July at the biennial International Statistical Institute World Statistics Congress in Ottawa, Ontario, Canada.

The point is very clear. Whether it is statistics or spirituality, the key to perfection is the same: “apramatta purusharth” (focused striving). 'Pramaad' (inattentiveness, lack of focus on the true self) is our biggest enemy on the way to move forward on the path of self-evolution. In carelessness, a person loses his invaluable time.

What causes pramaad? There are five causes of Pramaad. These include:

Vishay (sensual, pleasures),

Kashay (passions),

Nidra (sleep) and

Vikatha (gossip) and

Raag (attachment).

One who is attached to the five senses of sound, form, taste, smell and touch cannot walk the right path . If a man is a slave of the five senses, then his condition can be imagined. Lack of restraint over the senses is the path to downfall. A man enslaved by sensual gratification is like a rider of five horses. He is sure to fall. Upliftment is possible only by taming of the senses.

Passions in the form of pride, anger, deceit and greed rob the soul of its inner wealth. For instance, a person drowned in arrogance is like an alcoholic. An intoxicated person cannot mindfully listen to Jinvani. He cannot practice religion properly. Our cardinal sin lies in the fact that we drown our prudence in our passions. Descartes, the great philosopher has said: “The principal use of prudence or self-control is that it teaches us to be masters of our passions.”

Sleep eats up our precious time. Although sleep comes due to the rise of Darshanavaraniya (vision/faith, obscuring) karma, yet it can be reduced through discipline and effort. In the thousand years of Bhagwan Rishabhdev's penance, his sleep period was not over an 'ahoratra' (a period of 1day +1 night)whereas, in Lord Mahavira's twelve and a half year penance period, sleep period was just an antarmuhurta (a period less than 48 minutes).

The fourth cause of Pramaad is Vikatha (gossip). There are four types of gossip:

(a) Strikatha: gossip pertaining to women,

(b) Bhattakatha: discussion about food,

(c) Deshkatha: talking about the nation and

(d)Raajkatha: discussing politics.

Vikatha distracts the soul away from self and thus contributes to pramaad.

The final foe is 'raag' (attachment), whether it belongs to the material or the spiritual realm, Bhagwan Mahavir cautions us against 'raag', since it is a stumbling block for the soul.

So let's keep striving, with our reason guiding us through the entrapment of mindless rituals, with focused thought and firm action till we attain moksh, our heaven of final freedom, as Gurudev Tagore had prayed:

“Where tireless striving stretches its arms towards perfection.

Where the clear stream of reason has not lost its way

Into the dreary desert sand of dead habit


Where the mind is led forward by thee

Into ever-widening thought and action

Into that heaven of freedom, my Father, let my country awake.”

Over View

# 100 Ways To Be MISERABLE!



**Tilakchand K. Lodaya**, Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

One evening I accompanied a friend of mine to listen to a lecture of a spiritual cum self-development guru. It was a jam packed auditorium. Both of us didn't know the subject on which he was to speak till we saw the first PPT slide which displayed an image of miserable person and the title, ' 100 Ways To Be MISERABLE.' Felt little strange.

The speaker defined that, "Miserable persons are one who cannot find joy in life, no matter what the situation may be. Everything they see is negative and any motivation or desire to partake in enjoyable activities they replace it by a feeling of despair and hopelessness."

He proceeded in his own style to emphasize that world is full of miseries and no person is an exception. You can be miserable anytime, anywhere and in a moment's notice. The audience nodded their heads in agreement.

To involve the audience he asked them to give reasons for their misery. And lo! The audience flooded the speaker with examples. The white board where the speaker was writing was filled in minutes. Still the flow of the incidents was unstoppable. So much for the pent up misery. Myriad reasons.

My learned friend was becoming uneasy and restless over the response of the audience. He got up and took the mike to speak the following:

" Sir, there is only one reason. It is just a matter of your personal decision. Rest are all details."

The speaker, with a spark on his face, asked him to explain what had he just said.

He clarified, "after all the pondering on the topic of 100 ways to be miserable, I have understood one thing. Being miserable or happy is just a matter of a personal decision. If I have decided to be miserable, anything and everything can make me miserable. At the same time if I have decided to be happy, with anything and in spite of anything, I can still be happy.

A man with millions of bank deposits and palatial house is miserable and a poor person lives happily.

If I decided to be happy, my mind will create and find 100 causes for me to be happy. If I decide to be miserable, my mind will create and find 100 causes for me to be miserable. That is why Sir, it is all a matter of our decision. The rest are details."

The speaker clapped with happiness and announced that " thank you gentleman, you have done my job easy. This is the message I wanted to convey in this discourse."

In English alphabet Between B standing for BIRTH and D standing for DEATH there is C, which stands for Your CHOICE. Your Life, Happy or Miserable, depends on your Choice. Don't blame any one else. Decide to be Happy.

Then my friend looked at the audience and said, "I have made my decision, what's yours?"

In a state of astonishment and appreciation many people in the audience got up and applauded.

In a fraction of second one of the most important lessons of our lives was taught. In a fraction of a second without any extra effort, I had made decision to be HAPPY.

How about you?

---

**પાના નં. ૭થી ચાલુ...**

૨૧. બેંગલોરમાં અમારા પડોશી તરીકે એક ગોવાનું પરિવાર રહેતું હતું. આ વાત ૪૫ વર્ષ પહેલાની છે. એમનો મોટો દિકરો ૨૭/૨૮ વર્ષનો હતો. મેં એને પુછ્યું કે ક્યારે લગ્ન કરવાનો વિચાર છે. એનો જવાબ સાંભળી હું દંગ રહી ગયો. એણે કહ્યું કે, ‘‘હું ભાડાનું ઘર શોધી રહ્યો છું. એની જોગવાઈ થયા પછી ૩/૪ મહિનામાં લગ્ન કરીશ. અમારામાં લગ્ન પહેલા જ અલગ મકાનમાં રહેવાનો રિવાજ છે.’’ આ રિવાજ વિચારણા માંગી લે છે.

૨૨. સાવ અજાણ્યા કુટુંબ સાથે સંબંધ બનાવતા પહેલા વિચારજો.

આ સિવાય પણ અનેક કારણો હોઈ શકે. પરિસ્થિતિઓ પ્રમાણે નિર્ણય લેવા તૈયારી કેળવવી પડશે. ક્યારેક માવિત્ર અને પત્ની વચ્ચે પસંદગીનો વખત પણ આવે. સંબંધોના બંધનો જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે. કયારેક સમસ્યાના ઉપાય સરળ નથી હોતા. પણ મનુષ્ય પોતાની બુદ્ધી અને સંજોગો અનુસાર માર્ગ કાઢે છે.

ક્યારેક વાહ! તો ક્યારેક આહ! (ક્રમશઃ)

**આલેખનઃ તિલકચંદ કે. એલ.(ચેન્નઈ)**

**વિચારો : કાંતિલાલ જી. વોરા (કોઈમ્બતૂર)**

**૯૮૪૩૦ ૩૦૮૭૭**

# શ્રી મંજલ રેલડીયા ગામે આદિ તીર્થાધિપતિનો ૧૪૧મો ધ્વજારોહણ સહ અઢાર અભિષેક મહોત્સવ દિનાંક ૨૯-૩૦ એપ્રિલના હર્ષોલ્લાસથી સંપન્ન.





શ્રી સત્તરભેદી પૂજાની તૈયારી



શ્રી ધજાના લાભાર્થી

ધ્વજારોહણના લાભાર્થી
સંઘમાતા ધનલક્ષ્મીબેન પરિવાર

અચલગચ્છાધિપતિ **પ.પૂ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય ગણિવર્ય **પ.પૂ. શ્રી રાજરત્નસાગરજી મ.સા.** અને **પ.પૂ. મુનિરાજ શ્રી અનંતરત્નસાગર મ.સા.**ની પાવન નિશ્રામાં વર્ષારાણીના અમીઝરણાં રૂપી છાંટણાથી પ્રારંભ થઈ ધજા ફરકાવી આનંદભેર જય હો.. જય હો.. નાં ગગનભેદી નાદ સાથે સંપૂર્ણ થયું.

આજુબાજુના ગામોમાંથી તેમજ કચ્છ, મુંબઈથી પધારેલ ભાવિકજનોએ દિનાંક ૨૯ની રાત્રીએ ભાવનામાં મંજલના જ સ્થાનિક કલાકાર શ્રી મોહનગીરી ગોસ્વામી અને શ્રી કિરીટ મહારાજની હાજરીમાં તેમજ ખાસ કોઠારાથી પધારેલ તબલચી શ્રી દિપક ગોસ્વામી અને કી-બોર્ડ પ્લેયર શ્રી હિમાંશુ ઠક્કરના સુર-સંગીત સથવારે વાતાવરણને સંગીતમય બનાવી દીધું.

વિધિ-વિધાન કરાવવા માટે બિદડાનાં જાણીતા વિધિકાર **શ્રી ચંદ્રકાન્ત દેઢિયા**એ તેમના સંગીતકારો સાથે અઢાર અભિષેકનાં પુજન તેમજ સત્તરભેદી પુજા રાગ-રાગીણી સાથે ભણાવી વાતાવરણને ભક્તિ-ઉલ્લાસમય રચી દીધું.

પધારેલા મહેમાનોએ સ્વામિવાત્સલ્યમાં સ્વાદિષ્ટ વ્યંજનોની રસલહાણ માણી હતી. દાતાશ્રીઓ તરફથી શ્રી હસમુખ ગોર (મોતા કેટરર્સ)ના આભારી છીએ.

આ મહોત્સવના ભવ્યાતિભવ્ય કાર્યક્રમને સફળતાનાં ચારચાંદથી સુશોભિત કરવા **શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ સંઘ**નાં પદાધિકારી શ્રી ધીરજ ગોશર, શ્રી રમેશ લોડાયા, શ્રી રમેશ ગોશર, શ્રીમતી લતા ધરમશી, શ્રી અનિલ દંડની શ્રી આદિશ્વર મં. જૈન દેરાસર ટ્રસ્ટ ભુરી ભુરી અનુમોદના કરે છે.

તેમજ સ્થાનિક કાર્યકર્તાઓ શ્રી મંગલ લાલકા, પુજારી શ્રી નારાણજી દંડ, કાર્યકર્તા શ્રી બિપિન સાયલા, ઈલેક્ટ્રીશીયન શ્રી ખેંગારજી જાડેજા, શ્રી ઉમરસંગ જાડેજાનો સુંદર સાથ અને સહકાર પ્રાપ્ત થયેલ હતો- અભિનંદન.

## :: અમે આભારી છીએ ::

**૧૪૧માં ધ્વજારોહણ મહોત્સવનાં લાભાર્થી પરિવાર**
**શ્રી હંસરાજ મુલજી ચત્રભુજ લોડાયા (વાડાપધ્ધર)**
**હસ્તે : સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા**

**તેમજ સ્વામી વાત્સલ્યનાં દાતાશ્રીઓ**

સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર, અ.સૌ. નિર્મલાબેન પ્રફુલ્લ ધનજી લોડાયા પરિવાર,
માતુશ્રી જયાબાઈ ચત્રભુજ દંડ પરિવાર, માતુશ્રી તારાબાઈ કલ્યાણજી ધરમશી પરિવાર,
માતુશ્રી નેણબાઈ હિરજી ખીંયશી લોડાયા પરિવાર, માતુશ્રી વાલબાઈ વિશનજી લાલજી ધરમશી પરિવાર.

આ ધજા મહોત્સવનાં કાર્યક્રમ દરમ્યાન અમારા કાર્યકર્તાઓથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ''ટ્રસ્ટીગણ''નાં મિચ્છામી દુક્કડમ્ સ્વીકારશો...



ધ્વજા લહેરાવતા લાભાર્થી



પૂ. ગણિવર્ય/મુનિરાજશ્રી



ધ્વજા પુજન-લાભાર્થી પરિવાર

**CDO Prakash Samiksha** R.N.I. No. MAHBIL/2020/79181 **Date of Publication :** 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


# સમાચાર

## ધૈર્ય નાગડાને સોશ્યલ મીડીયા માર્કેટીંગ ઍવોર્ડ



વારાપધરના મુલુંડ નિવાસી ભાઈ ધૈર્ય શૈલેષ જેઠાલાલ નાગડાને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના શુભહસ્તે થાણે ખાતે પૂર્વેશ પ્રતાપ સરનાઈક નગર ફેર 'સમર વન્ડરલેન્ડ'ના શાનદાર સોશ્યલ મીડીયા માર્કેટીંગ એન્ડ મેનેજમેંટ માટે ઍવોર્ડ એનાયત કરાયો છે.

## ચેતન લોડાયા દ્વારા નવી ટ્રાંસપોર્ટ ઍપ(www.traet.in)



સાંધવના હાલે મુલુંડવાસી શારીરિક રીતે દિવ્યાંગ યુવાન ચેતન દિનેશ રામજી લોડાયાએ 'ટ્રેકેટ ટ્રાંસપોર્ટ માર્કેટ' નામની ટ્રાંસપોર્ટની ઍપ બનાવી છે જે ઉત્પાદકો તથા વેપારીઓ સાથે ટ્રાંસપોર્ટરોને સીધેસીધા જોડશે. જે બન્ને પક્ષકારોને ઉપયોગી તથા લાભદાયી સાબિત થશે.

## કેરાલા રાજભવનમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ



ગુજરાત મહારાષ્ટ્ર સ્થાપના દિવસે કેરાલાના રાજ્યપાલ શ્રી આરીફ મોહમ્મદ ખાનની ઉપસ્થિતીમાં આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી પરેશ દામજી-નલિયા(કોચીન)એ ગરબા ગાયા હતા તથા શ્રી લલિત લહેરચંદ લોડાયા-નલિયા(કોચીન)એ ઢોલ વગાડ્યો હતો. તેમનું બન્નેનું રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.

## તેલંગાણા રાજભવનમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ




ગુજરાત મહારાષ્ટ્ર સ્થાપના દિવસે આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં તેલંગાણાના રાજ્યપાલ શ્રીમતી તમિલિસાઈ સૌંદરાજન તથા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી સી. વિદ્યાસાગરની ઉપસ્થિતી હતી. જેમાં પારંપારિક નૃત્યોની રજુઆત થઈ. આ પ્રસંગે જાગીરદાર ફાઉન્ડેશનના અધ્યક્ષા જયાબેન જાગીરદાર, ઉપાધ્યક્ષા ગીતા શાહ, મંત્રી રિદ્ધીશ જાગીરદાર, જસમત પટેલ, સુશીલ કાપડીયા, દિનેશ ગોસર, તરૂણ મહેતા અને રંજના શાહ ઉપસ્થિત હતા.

## લાલકા પરિવારનું ગૌરવ
## વર્ષીતપ આરાધક હિમાંશુ રાજેશભાઈ લાલકા



: ગામ :
મોટી ખાવડી

: હાલ :
થાણા

દેવ ગુરૂની કૃપા અને વડીલોના શુભાશિષના સહારે અમારા પરિવારના કુલદિપક ચિ. હિમાંશુ રાજેશભાઈ લાલકાએ વર્ષીતપ નિર્વિઘ્ને પરિપૂર્ણ કરેલ છે.

અનુમોદના... અનુમોદના... અનુમોદના...

**માતા પિતા :** રીટાબેન રાજેશ પાસુભાઈ લાલકા
**દાદી-દાદા :** માતુશ્રી ભાગ્યવંતીબેન પાસુભાઈ માણેકજી લાલકા
**નાની-નાના :** માતુશ્રી કોકિલાબેન કાંતિલાલ દિયોરા-પાલીતાણા
**ભાઈ :** પ્રેમાંશુ રાજેશભાઈ લાલકા

**લિ. લાલકા પરિવારના જય જિનેન્દ્ર**

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

To,

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**